3

ક્રમાંક/ઇજર/વહટ/લ૧-૨૦૦૦/૧૯૭૧ થી ૨૦૦૫ / ૦૫

નોંધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાતરાજય,ગાંધીનગર,
સ્ટેમ્પ અને નોંધણીભવન.,
સેકટર-૧૩-સી.,ખ.રોડ,
ગાંધીનગર.તા. ૨૪/૨/૨૦૦૫

**વંચાણે લીધું :**
**૧. મહેસુલવિભાગના પરિપત્ર ક્રમાંક/એસટીપી/**
**/૧૦૨૦૦૪/૧૮૧૫-હ.૧.તારીખ. ૧૫-૨-૨૦૦૫.**

**વિષયઃ- નોંધણી માટે રજુ થતાં દસ્તાવેજ / લેખ પર પક્ષકારનો**
**ફોટોગ્રાફ લગાવવા તથા ફિંગરપ્રિન્ટ લેવા બાબત.**

## પ રિ પ ત્ર

કેન્દ્ર સરકાર દ્વારા ધી રજીસ્ટ્રેશન એન્ડ અધર રીલેટેડ લો ( એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૧ (અધિનિયમ-નં.૪૮-સને-૨૦૦૧) થી નોંધણી અધિનિયમ ૧૯૦૮ (સને-૧૯૦૮ નો અધિનિયમ નંબર ૧૬) માં સુધારા કરીને કલમ-૩૨-એ દાખલ કરવામાં આવેલ છે તથા કલમ-૫૨ માં સુધારો કરવામાં આવેલ છે.

મહેસુલવિભાગના સંદર્ભ (૧) વાળા તા. ૧૫-૨-૨૦૦૫ ના પરિપત્રથી ઉકત સુધારેલ જોગવાઇનો અમલીકરણ કરવા જણાવવામાં આવેલ છે.રજીસ્ટ્રેશન અધિનિયમમાં દાખલ કરવામાં આવેલ કલમ.૩૨-એ તથા સુધારેલ કલમ. ૫૨ ની જોગવાઇના સંદર્ભમાં નીચે જણાવેલ સુચનાઓ તથા કાર્યપધ્ધતિનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

૧.સ્થાવર મિલ્કતની તબદીલી સંબંધી લેખોમાં ખરીદનાર તથા વેચનાર એમ બંન્ને પક્ષકારોના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ તથા આંગળા / અંગુઠાની છાપ (ફિંગર પ્રિન્ટ ) લગાવીને પક્ષકારે લેખ / દસ્તાવેજ રજુ કરવાના રહેશે.

૨.સ્થાવર મિલ્કતની તબદીલી સિવાયના રજુ થતાં લેખો સંબંધમાં લેખ રજુ કરનારનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તથા આંગળા / અંગુઠાની છાપ (ફિંગર પ્રિન્ટ ) લેવાની રહેશે.

૩.હાલની પ્રથા મુજબ અસલ દસ્તાવેજની સાથે રજુ થતી લેખની નકલ ઉપર પણ ઉકત (૧) અને (૨) માં જણાવ્યાનુસાર ફોટોગ્રાફ તથા ફિંગર પ્રિન્ટ લગાવીને પક્ષકારે લેખ / દસ્તાવેજ રજુ કરવાના રહેશે.

૪.આ અંગેની જાહેરાત કચેરીના નોટિસબોર્ડ ઉપર તથા જીલ્લા / તાલુકાની સરકારી / અર્ધસરકારી કચેરીઓમાં જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવાની રહેશે તથા ગ્રામ્ય કક્ષાએ તલાટીશ્રીઓ દ્વારા ગ્રામજનોને જાણ કરવાની રહેશે.

૫.સદર પરિપત્રની સ્થાનિક પ્રસિધ્ધિ અંગેની પ્રેસનોટ આપવાની રહેશે.

૬.દસ્તાવેજમાં મતુ સહી કરનાર પક્ષકારોની ફિંગર પ્રિન્ટ તથા સહી અંગુઠાબુકમાં પણ લેવાની રહેશે.

...૨..

૭. દસ્તાવેજમાં મતા સાખ પછી દરેક લેનાર તથા વેચનારની સહી, ફિંગર પ્રિન્ટ તથા ફોટોગ્રાફ લગાડવાના રહેશે.
૮. આ સાથેના સામેલ નમુના મુજબ દરેક સબ-રજીસ્ટ્રારશ્રીઓએ અમલ કરવાનો રહેશે.
૯. સદર પરિપત્રનો અમલ તા. ૧/૩/૨૦૦૫ થી કરવાનો રહેશે.

સદર પરિપત્ર મળ્યા બદલની પહોંચ અત્રે મોકલી આપવાની રહેશે.

સહી.એમ.એન.જોષી
નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજય,ગાંધીનગર

નકલ રવાના:
૧. નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ..
જાણ -વ- ચુસ્તપણે અમલ કરવા સારુ.
( તમામ સબ-રજીસ્ટ્રારશ્રીઓને અમલ કરાવવા સારુ )
૨. તમામ સબ-રજીસ્ટ્રારશ્રીઓ તરફ જાણ -વ- અમલ સારુ..
(નોંધણી નિરીક્ષકશ્રીઓ મારફતે)
૩. સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી,ગુજરાતરાજય, ગાંધીનગર તરફ.જાણ સારુ..
૪. નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પડયુટી મુલ્યાંકનતંત્ર, તમામ તરફ જાણ સારુ

રવાના કર્યુ,

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજય,ગાંધીનગર.

ઝાલા.